## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ






શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ તથા ભગિની સંસ્થાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે મેયર શ્રીમતી રીટાબેન પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા, અમિતભાઈ ચૌધરી તથા ટ્રસ્ટીઓએ વૃક્ષારોપણ કર્યુ હતુ.

# જીવદયા પ્રેમી સંસ્થાઓના આગેવાનો દ્વારા રાજ્યપાલશ્રીને વિશ્વનો વિશાળ વ્યાખ્યા ગ્રંથ 'યશોલતા' અર્પણ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતભરના જીવદયા પ્રેમી સંસ્થાઓના આગેવાનોએ ગુજરાતના નવા વરાયેલા મહામહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે રાજભવન ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. ગુજરાતની ધરતી સંસ્કૃત અને સંસ્કૃતિ પ્રેમી વિરાટ વ્યક્તિત્વ ધરાવતા મહાનુભાવની રાજભવનમાં મહામહિમ રાજ્યપાલ તરીકેની નિમણુંકના કારણે ગુજરાતના જીવદયા પ્રેમી જનતા ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે તેવી અભિવ્યકિત તેઓએ વ્યક્ત કરી હતી.

રાજયપાલશ્રીની સાથે મુલાકાતમાં ભારતની પુણ્ય ભૂમિ પરથી જીવંત પશુઓની નિકાસ પર કાયમી પ્રતિબંધ મુકાવવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત કરુણા સંસ્થાન - શ્રીજી ગૌશાળા - રાજકોટ દ્વારા ચાલી રહેલી સેવા પ્રવૃત્તિની જાણકારી રાજયપાલશ્રીને આપવામાં આવી હતી.

આ તબક્કે માત્ર ૨૧ વર્ષની વયના જૈન મુનિ શ્રી ભક્તિયશવિજયજી મહારાજ દ્વારા આલેખિત વિશ્વનો વિશાળ વ્યાખ્યા ગ્રંથ 'યશોલતા' મહામહિમ રાજયપાલશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૮મી સદીના વિદ્વાન સર્વતંત્ર સ્વતંત્ર પંડિત ધર્મદત્ત ઝા જેઓ બચ્ચા ઝા ના નામે પ્રખ્યાત હતા તેમણે ૪૧ પાનાનો ૯૦૦ શ્લોક ધરાવતો આ ગ્રંથ લખ્યો હતો. નામ પ્રમાણે જ આ ગ્રંથ એટલો ગૂઢ છે કે તેને ઉકેલવામાં આટલા વર્ષોથી મહાન વિદ્વાનો પણ અસમર્થ રહ્યાં હતા. ૯૦૦ શ્લોકનું વિવેચન ૯૦,૦૦૦ શ્લોકમાં થયું. માત્ર ૪૧ પાનાના પુસ્તકમાંથી ૪૫૦૦ પાનાનો ૧૪ ભાગમાં વહેંચાયેલો ગ્રંથ તૈયાર થયો. આ નવા સંસ્કૃત વિવેચન ગ્રંથને ભક્તિયશવિજયજીએ પોતાના ગુરુ યશોવિજયસૂરીશ્વરજીના નામ પરથી 'યશોલતા' નામ આપ્યું છે. મહામહિમ રાજયપાલશ્રીએ પૂજયશ્રીના જ્ઞાનસર્જનને ભાવ સભર અનુમોદના કરી હતી.

મહામહિમ રાજયપાલશ્રી સાથેની શુભેચ્છા મુલાકાતમાં જીવ જંતુ પ્રત્યેની સંવેદનાના વિચારોનું આદાન - પ્રદાન સિનિયર એડવોકેટ કમલેશભાઈ શાહ, પ્રતિક સંઘાણી, મિત્તલ ખેતાણી, રાજુભાઈ શાહ, હરેશભાઈ શાહ, અભયભાઈ શાહ અને સ્નેહલભાઈ શાહે કર્યું હતું.

# જિલ્લામાં ૭ પીઆઈ અને ૨૫ પીએસઆઈની આંતરીક બદલી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા બિન હથીયારી પોલીસ ઈન્સ્પેકટરોની આંતરીક બદલીના હુકમ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં પી.આઈ. ટી.આર.ભટ્ટની બદલી એલઆઈબીમાંથી બદલી કરીને ફસ્ટ પી.આઈ. સેકટર-૭ પોલીસ સ્ટેશન ખાતે થતા એલઆઈબી પીઆઈનો ચાર્જ એ.જી.રાઠોડ પીએસઆઈને એલઆઈબીને સોંપવામાં આવ્યો છે. ડી.જી.તડવી સીપીઆઈ ગાંધીનગરની બદલી સેકન્ડ પીઆઈ સેકટર-૭ તરીકે થતા સીપીઆઈનો ચાર્જ જે.જી.વાઘેલા પીઆઈ એસઓજીને સંભાળવાનો રહેશે. જયારે સેકટર-૭ પોલીસ મથકે ફરજ બજાવતા સેકન્ડ પીઆઈ વાય.આર.વાઘેલાની બદલી સાંતેજ , ચિલોડા પોલીસ મથકના પીઆઈ કે.આર.ડીમરીને દહેગામ પોલીસ મથક, દહેગામ પીઆઈ એસ.જે.રાજપુતને ઈન્ફોસીટી પોલીસ મથકે મુકવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પીઆઈ જે.બી.પંડિતને ચિલોડા પોલીસ મથકે તેમજ ડી.એ.ચૌધરીને સેકટર-૭ માથી બદલી કરાઈને અડાલજ પોલીસ મથકે બદલી કરાઈ છે. જિલ્લા પોલીસ બેડામાં એક સાથે ૭ પીઆઈની બદલી કરવામાં આવી છે. જયારે સચિવાલય, લીવ રીઝર્વ, કલોલ, રખિયાલ, અડાલજ, દહેગામ, માણસા, સાંતેજ, ચિલોડા, ઈન્ફોસીટી, સેકટર-૭ અને સેકટર-૨૧ સહિત ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવતા ૨૫ પીએસઆઈની આંતરીક બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા દ્વારા એક સાથે ૭ પીઆઈ અને ૨૫ પીએસઆઈની આંતરીક બદલી કરવામાં આવતા પોલીસ તંત્રમાં ચહલ પહલ વધી જવા પામી છે.

# મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે રીપબ્લિક ઓફ ઈન્ડોનેશીયાના બેન્ગુકુલુ પ્રાન્તના ગવર્નર



અમદાવાદ, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આજે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત રીપબ્લિક ઓફ ઈન્ડોનેશીયાના બેન્ગુકુલુ પ્રોવિન્સના ગવર્નર ડૉ. એચ. રોહિર્ડીંગ મેરીયાશ અને પ્રતિનિધિ મંડળે લીધી હતી.

આ પ્રતિનિધિ મંડળ ભારતના એક સપ્તાહના પ્રવાસે આવેલ છે અને તે દરમિયાન ગુજરાત સહિત કલકત્તા, મુંબઈ અને દિલ્હીના વિવિધ સ્થળો અને ઉદ્યોગોની મુલાકાત લઈ વિશિષ્ટ જાણકારી મેળવવાનું છે.

મુખ્યમંત્રી સાથેની આ મુલાકાત બેઠક દરમિયાન રીપબ્લીક ઓફ ઈન્ડોનેશીયાના બેન્ગુકુલુ પ્રાન્તના ગવર્નરે મત્સ્યઉદ્યોગ, એકવાકલ્ચર અને ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝનના વિકાસની સંભાવનાઓ અંગે પરસ્પર સહયોગ માટે પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ૧૬૦૦ કિ.મી. લાંબો સમુદ્ર કિનારો ધરાવતા ગુજરાતમાં મત્સ્યઉદ્યોગ અને મેરીટાઈમ સેકટર તેમજ પ્રવાસન વૈવિધ્યની વિગતો આપતાં ઈન્ડોનેશીયા સાથે ભારત, ગુજરાતની આ ક્ષેત્રે સહભાગીતા ઉપયુકત બનશે તેવી અપેક્ષા દર્શાવી હતી. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૧માં યોજાશે તેમાં ઈન્ડોનેશીયાના પ્રતિનિધિ મંડળને આવવાનું નિમંત્રણ પણ તેમણે પાઠવ્યું હતું.

આ સૌજન્ય મુલાકાત દરમિયાન ઈન્ડોનેશીયાના બેન્ગુકુલુ પ્રોવિન્સના ફેમીલી વેલ્ફેર મુવમેન્ટના હેડ ડેટ્રા વાહ્યુલીન, બેન્ગુકુલુ ઈન્વેસ્ટમેન્ટ બોર્ડના હેડ તેમજ ઈન્ડોનેશીયાના આ પ્રાન્તના વિવિધ ઉદ્યોગકારો-પ્રતિનિધિઓ પણ જોડાયા હતા. મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે.કૈલાશનાથન, અગ્ર સચિવ મનોજકુમાર દાસ, પ્રવાસન અગ્ર સચિવ હૈદર અને ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા પણ આ સૌજન્ય મુલાકાત બેઠકમાં જોડાયા હતા.

# સિવિલમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં શનિવારના રોજ સવારના સમયે સોનોગ્રાફી માટે દર્દીઓની લાંબી લાઈન લાગી હતી. ત્યારે મળતી વિગત મુજબ તે સમયે લાઈનમાં બેઠેલા દર્દીની નજર ચુકવીને એક શખ્સે તેમનો મોબાઈલ કાઢવાનો પ્રયત્ન કરતો હતો. તે સમયે દર્દીએ આબાદ આ મોબાઈલ ચોરને પકડી પાડ્યો હતો. સિક્યુરીટી ગાર્ડ અને અન્ય નાગરીકો તેને બાજુના રૂમમાં લઈ ગયા હતા. ત્યારબાદ અચાનક આ શખ્સને વઈ આવતા મોઢામાંથી ફીણ નીકળતા તાત્કાલીક સારવારમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં તેની સારવાર પણ કરવામાં આવી હતી. તે સમયે અચાનક તાત્કાલીક વિભાગમાં ભારે ભીડ રહેતા તમામની નજર ચુકવીને આ શખ્સ ઉઠીને ભાગી ગયો હતો. સિવિલ હોસ્પિટલમાં વાહનચોરી, મોબાઈલ ચોરી સામાન્ય બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસમાં આડેધડ વાહનનો ખડકલો સર્જાતા ચોર ઈસમો તેનો લાભ સરળતાથી ઉઠાવી જાય છે. જયારે સિવિલ હોસ્પિટલના વોર્ડમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. દર્દીઓ ભરાયેલા વોર્ડમાં દિવસ કે રાત્રી દરમિયાન મોબાઈલ ચોરીની ઘટના બનતી હોય છે. વોર્ડમાં મોબાઈલ ચાર્જમાં મુકીને સુઈ જાય છે. ત્યારપછી ઉંઘમાંથી ઉઠીને જોવે ત્યારે મોબાઈલ ગાયબ હોય છે. ત્યારે સિવિલમાં વિવિધ બનાવો અટકાવવા માટે સલામતી અને સુરક્ષાની જરુરીયાત ઉભી થઈ હોય તેમ લાગી રહ્યું છે.



રાજપુત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા મહિલાઓમાં કેન્સર અંગે જાગૃતિ લાવવા માટેનો સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા કેન્સર અંગેની અંધશ્રદ્ધા અને તેની સારવાર અંગે ઉપસ્થિત સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ૧૯ કંપનીઓની ૩૧૮૪ કરોડની ખોટ સપાટી પર

અમદાવાદ, તા.૨૭

ગુજરાત વિધાનસભાના બજેટસત્રના છેલ્લા દિવસે ગૃહમાં રજૂ થયેલા કેગના રિપોર્ટમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો ક, ગુજરાત સરકારના ૧૯ સાહસોની કુલ રૂ.૩૧૮૪ કરોડની જંગી ખોટ નોંધાઈ છે. જેમાં જીએસપીસીની રૂ.૧૫૬૫ કરોડ, નર્મદા નિગમની રૂ.૧૦૭૬ કરોડ અને ભાવનગર એનર્જી કંપનીની રૂ.૬૧૭ કરોડની ખોટ સામે આવી છે. કેગના રિપોર્ટ અને તેમાં કરાયેલા કેટલાક ખુલાસાઓને લઈ હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. ખાસ કરીને વિપક્ષ કોંગ્રેસ દ્વારા આ સમગ્ર મામલે ગંભીર સવાલો ઉઠાવી તે મુદ્દે સરકાર પાસે જવાબ માંગ્યો છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ)ના રાજ્યની નાણાંકીય સ્થિત અંગેના વિધાનસભા ગૃહમાં થયેલા લેટેસ્ટ રિપોર્ટમાં એવી ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે, ગુજરાત સરકારના ૧૯ જેટલા જાહેર સાહસો ખોટ કરી રહ્યાં છે અને તા.૩૧ માર્ચ,૨૦૧૮ની સ્થિતિએ રાજ્યના ૯ જાહેર ઉપક્રમોમાં એકત્રિત નુકસાન રૂ.૨૨,૪૩૧ કરોડ નોંધાયું છે. નફો કરતા જાહેર સાહસોએ નિયમિત રૂપથી રાજ્ય સરકારને ડિવિડન્ડ આપવું જરૂરી છે. પરંતુ રાજ્યમાં કાર્યરત ૭૩ જાહેર સાહસો પૈકી ૫૦ એકમો નફો કરે છે. તેમાંથી ૪૪ એકમો દ્વારા ડિવિડન્ડ ચૂકવવામાં આવતું જ નથી. કેગના લેટેસ્ટ રિપોર્ટમાં એવો પણ ખુલાસો થયો છે કે, રાજ્ય સરકારની ૬૨ જેટલી સ્વાયત્ત સંસ્થાઓમાંથી ૫૫ સંસ્થાઓ સમયસર હિસાબો રજૂ નથી કરતી. રાજ્ય સરકારે વિકાસ, આવાસન સહિતના ક્ષેત્રોમાં કેટલીક સ્વાયત્ત સંસ્થાઓ ઉભી કરી છે અને સીએનજી એક્ટ ૧૯૭૧ની કલમ ૧૯-૨, ૧૯-૩, અને ૨૦-૧ મુજબ આ સંસ્થાઓના ઓડિટ થવા પાત્ર છે. પરંતુ ૨૦૧૭-૧૮માં ૬૨ પૈકી માત્ર ૭ સંસ્થાઓએ જ હિસાબો રજૂ કર્યા હતા. બાકીની ૫૫ સંસ્થાઓએ ઓગસ્ટ-૨૦૧૮ સુધી ૧૨૨ મહિનાનો વિલંબ કર્યો હતો.

# અક્ષરધામ કેસમાં ત્રાસવાદી બટ્ટ છ દિવસના રિમાન્ડ પર

અમદાવાદ, તા.૨૭

વર્ષ ૨૦૦૨માં ગાંધીનગરમાં અક્ષરધામ મંદિર પર થયેલા હુમલાના મુખ્ય સુત્રધાર અને લશ્કર-એ-તૈયબાના મોહમ્મદ યાસીન મોહઉદ્દીન બટ્ટ નામના આંતકીને અત્રેની સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ કોર્ટે આજે છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો મહત્વનો હુકમ કર્યો હતો. ગઈકાલે ગુજરાત એટીએસએ જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાંથી આંતકી યાસીન બટ્ટની ધરપકડ કરી હતી. આરોપીને અનંતનાગની કોર્ટમાં રજૂ કરીને છ દિવસના તેના ટ્રાન્ઝીટ રિમાન્ડ મેળવીને તેને હવાઈમાર્ગે ગુજરાત લાવવામાં આવ્યો હતો. દરમ્યાન શહેર ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ આજે લોખંડી પોલીસ જાપ્તા વચ્ચે આંતકી યાસીન બટ્ટને ભદ્ર સેશન્સ કોર્ટ ખાતેની સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કર્યો હતો, જેની સુનાવણી બાદ સ્પેશ્યલ કોર્ટે આંતકી યાસીન બટ્ટના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ માંગતી અરજીમાં મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે મહત્વના કારણોમાં જણાવાયું હતું કે, હાલના આરોપી યાસીન બટ્ટે અક્ષરધામ હુમલામાં માર્યા ગયેલા આંતકવાદી ઝુબેરના કહેવાથી અને તેણે આપેલા રૂ.૪૦ હજારથી આ ગુનમામાં ઉપયોગમાં લેવાયેલી એમ્બેસેડર કાર ખરીદાઈ હતી અને તેમાં છુપુ ખાનું બનાવી આંતકવાદી ઝુબેર પાસેથી મેળવાયેલ હથિયારો અને સ્ફોટક પદાર્થો એકે ૫૬ રાયફલો, હેન્ડગ્રેનેડ સહિતનો જથ્થો તેમાં સંતાડાયો હતો અને આરોપી શાનમીયાં ઉર્ફે ચાંદખાન સાથે મોકલી અપાયો હતો. આ એમ્બેસેડર કાર આરોપી યાસીન બટ્ટે કોની પાસેથી ખરીદી હતી અને હથિયારો-દારૂગોળો કયાંથી અને કેવી રીતે મેળવ્યો હતો તેની તપાસ કરવાની છે. આરોપી બનાવ બન્યો ત્યારથી આજદિન સુધી આટલા વર્ષો સુધી સતત નાસતો ફરતો રહ્યો હતો, તેથી તેને કોણે કોણે આશરો આપ્યો હતો અને તે કયાં નાસતો રહ્યો તે તમામ મુદ્દાની પૂછપરછ કરવાની છે. આરોપી આ ગુનામાં સંડોવાયેલા અન્ય વોન્ટેડ આરોપીઓ મુશ્તાક, સરતાજ અને કામીલ સાથે પણ સંપર્ક ધરાવતો હોઈ તેમના વિશે પણ માહિતી મેળવવાની છે. આરોપી આટલા વર્ષો નાસતો ફરતો રહ્યો તે દરમ્યાન તેણે અન્ય કોઈ આંતકવાદી ઘટનાને અંજામ આપ્યો છે કે કેમ તેની પણ તપાસ કરવાની છે. મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટની આ રિમાન્ડ અરજી અને રજૂઆત ધ્યાને લીધા બાદ સ્પેશ્યલ કોર્ટે આંતકી યાસીન બટ્ટના છ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગત ૨૫ સપ્ટેમ્બર,૨૦૦૨ના રોજ સાંજે ૪.૩૦ વાગે અક્ષરધામ મંદિર પર બે સશસ્ત્ર ફિદાઈન ત્રાસવાદીઓએ હુમલો કરી દીધો હતો. જેમાં ૩૨ શ્રધ્ધાળુઓના મોત નીપજયા હતા અને આશરે ૭૯ ઘાયલ થયા હતા. હુમલા સમયે ૬૦૦ લોકો મંદિરમાં હતા. અક્ષરધામ હુમલા બાદ ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો.



ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે નગરના માર્ગો પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહેવા પામે છે. શનિવારના રોજ બપોરના સુમારે ઘ સાડાચાર પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે આ અકસ્માતમાં સદનસીબે કોઈને ઈજા પહોંચી ન હતી. પરંતુ માર્ગ પર અકસ્માતને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

ધોરણ-૧૨ની વર્ષ ૨૦૧૯માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં ૯૭ ટકા મેળવી તથા જેઈઈ (મેઈન્સ) અને જેઈઈ (એડવાન્સ) માં પણ ટોપ રેન્ક મેળવી ભારતની પ્રથમ નંબરની



આઈઆઈટી મુંબઈમાં એડમીશન મેળવી જૈનમ રાજનભાઈ દોશીએ સમસ્ત જૈન સમાજ ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે જે અભિનંદનને પાત્ર છે.

# આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ પદયાત્રાનું આકર્ષણ જામ્યુ

અમદાવાદ, તા.૨૭

ડીસાના ઢૂંવા ગામ ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને અન્ય પાંચ દેશના લોકોની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ પદયાત્રા યોજાઈ હતી. જેમાં મહાત્મા ગાંધીજીના નૈતિક મૂલ્યો ઉજાગર કરવા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં ચીલી, ફ્રાન્સ, નેધરલેન્ડ,જાપાન અને અમેરિકાથી પણ કેટલાક લોકો જોડાયા હતા અને ગાંધી મૂલ્યો વિશે જાણી પ્રભાવિત થયા હતા. આ આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ પદયાત્રાએ સ્થાનિક લોકોમાં પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું. મહાત્મા ગાંધીજીના ૧૫૦મી જન્મ જયંતી પ્રસંગે વિશ્વ શાંતિનો સંદેશ પાઠવવા આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ પદયાત્રાનું આયોજન કરાયું છે ત્યારે ફ્રેન્ડ ઓફ ઓલ અને નૂતન ભારતી દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા તા.૨૨ જુલાઈએ શરૂ કરવામા આવી હતી ત્યારે શનિવારે ડીસાના ઢૂંવા ગામે આ પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા, સાંસદ પરબતભાઈ પટેલ, કે.સી.પટેલ સહિતના અનેક મહાનુભાવો જોડાયા હતા. આ અંગે ફ્રેન્ડ્સ ઓફ ઓલના ચેરપર્સને જણાવ્યું હતું કે, ભારતના દર્શન કરવા તથા ગાંધી મૂલ્યો સમજવા પાંચ દેશના લોકો જોડાયા છે. ઈતિહાસ ગવાહ છે કે, સમાજમાં કોઈ નવી વાત મુકવી હોય તો પદયાત્રા દ્વારા તે સાર્થક થઈ છે. મહાત્મા ગાંધી તથા માર્ટિન લ્યુથરકિંગે પણ આ જ રસ્તો અપનાવ્યો હતો. દુનિયાના મોટા ભાગના દેશના લોકો મુખ્ય ચાર સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. રાષ્ટ્રીવાદ સમસ્યા, આર્થિક અસમાનતા, ધાર્મિક વિસંગતતા તથા રંગભેદની નીતિ નડી રહી છે. તેનો હલ એ છે કે આપણે એકબીજાને ઓળખતા થઈએ. વિદેશથી આવેલા લોકો મેગા સિટી જોઈને જતા રહે છે, તે સંપૂર્ણ ભારત નથી પરંતુ ગામના દર્શન કરે મૂલ્ય સમજે તે ભારત દર્શન છે. પદયાત્રાએ લોકોમાં જોરદાર આકર્ષણ જમાવ્યું હતું.

ટચૂકડી જાહેર ખબર

ફ્લેટ વેચવાનો છે

3BHK ફુલ ફર્નિશ્ડ, સારી લોકાલિટીમાં, ન્યૂ ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં

મો. ૯૭૧૪૩ ૮૭૩૦૮

Play School and day Care માટે તાત્કાલિક ધોરણે ટીચર, હેલ્પર અને આયા બહેનો જોઈએ છે

Phone
84605 69212
94274 52412
79849 76702

# સોમવારે નવા-જુના સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ "યાદોં કી બારાત" યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ન્યુ ગાંધીનગરના કુડાસણ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની "મેરી આવાઝ સુનો કરાઓકે ક્લબ" દ્વારા આગામી તા. ૨૯મી જુલાઈ સોમવારના રોજ નવા-જુના સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમ "યાદોં કી બારાત"નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર અને અમદાવાદના ઉગતા કલાકારોને એક સારૂ સ્ટેજ-પ્લેટફોર્મ પુરૂ પાડવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમ સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સોમવારે રાત્રે ૮ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં સંગીત રસિકો માટે પ્રવેશ નિઃશુલ્ક છે. કાર્યક્રમની વધુ વિગત માટે શ્રવણ પરમારનો મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા ભારત વાણીયાનો મો. નં. ૮૨૦૦૯૨૧૭૬૬ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# પેથાપુરમાંથી જુગાર રમતા ચાર શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાંથી જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગઝડતી કરતા તેમાંથી રૂ. ૮૭૧૦, દાવ પર લાગેલા રૂ.૧૮૫૦ અને ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૬,૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર પોતાની ટીમ સાથે કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં હતા ત્યારે કોન્સ્ટેબલ સંજયસિંહનો જુગાર અંગે બાતમી મળી હતી. જેનો પગલે પોલીસો પેથાપુર ગામે લક્ષ્મીમાતાના મંદિર પાછળ લાઈટના વિજપોલ નીચે જુગાર રમતા ચાર શખ્સોને પકડી પાડ્યા છે. જેમાં પેથાપુર ખાતે રહેતા સલીમ કનુભાઈ મુલતાની, રમણ રામાભાઈ દંતાણી, માધવ પ્રદિપભાઈ મિસ્ત્રી અને બિપિન સેવંતીલાલ ભાવસારનો સમાવેશ થયા છે. પોલીસે આરોપીઓની અંગજડતી દરમિયાન રૂ. ૮૭૧૦ અને દાવ પર લાગેલા રૂ.૧૮૫૦, મળી કુલ રૂ.૧૦૫૬૦ રોકડા અને ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૧૬,૦૬૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ચાર શખ્સો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.